ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આરટીઓ કચેરી સુમસાન બની..!!

## સાયબર ક્રાઇમની ટીમ આરટીઓમાં ત્રાટકી હતી : એક ડઝનથી વધુ એજન્ટની પૂછપરછ કરાઈ હતી : આજે બધા એજન્ટ ગાયબ થઇ ગયા

ગાંધીનગર, તા. ૦૩

ગાંધીનગરના ગ-૧ સર્કલ નજીક આરટીઓ કચેરી ખાતે ગઈકાલે સાયબર ક્રાઇમ પોલીસે અચાનક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું જેમાં આરટીઓ કચેરી ખાતે જમાવડો કરતાં અનેક એજન્ટ્સની અટકાયત કરીને તેમની પુછપરછ કરવામાં આવી હતી. જોકે આ પછી રાત્રે તેમણે છોડી દેવામાં પણ આવ્યા હતા પરંતુ તેની અસર તળે આજે ગાંધીનગરની આરટીઓ કચેરી ખાતે એક પણ એજન્ટ ફરક્યો નહોતો અને કચેરીના કેટલાક કર્મચારીઓ રજા પર ઉતરી જવાના કારણે કચેરી સુમસામ બની જવા પામી હતી.



ઉલ્લેખનીય છે કે અમદાવાદના આરટીઓએ કરેલી ફરિયાદને આધારે સાયબર ક્રાઇમ પોલીસે ગાંધીનગર આરટીઓ કચેરીમાં ડ્રાઈવિંગ ટેસ્ટ વગર જ ડ્રાઈવિંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવતું હોવાનું કૌભાંડ ચાલતું હોવા અંગે બે ઈન્સ્પેક્ટર અને એક એજન્ટની પુછપરછ કરી હતી જેમાં અન્ય નામો પણ બહાર આવ્યા હોવાની શક્યતાને પગલે સાયબર ક્રાઇમની ટીમે ગાંધીનગરની આરટીઓમાં સરપ્રાઈઝ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં એક ડઝન જેટલા એજન્ટ્સને સાયબર ક્રાઈમની ટીમે અટકાયત કરી હતી અને તેમની રાત્રે મોડે સુધી પુછપરછ કરવામાં આવી હતી. આ ઉપરાંત એજન્ટના લેપટોપની તપાસ પણ કરવામાં આવી હતી.

આ ઘટનાને અનુલક્ષીને આજે ગાંધીનગર આરટીઓમાં કચેરી ખાતે નિયમિત આવતા કોઈ એજન્ટ્સ આજે દેખાયા ન હતા. વળી અહીંના ખાણી-પીણીની લારી-ગલ્લાઓવાળાઓ પણ ગાયબ હતા. આ સાથે આરટીઓ કચેરીના કેટલાંક કર્મચારીઓ પણ રજા ઉપર ઉતરી જતા કચેરી સુમસામ બની જવા પામી હતી.

# ગાંધીનગર-ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલના પાંચ કરોડના રસ્તાના કામ મંજૂર કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના લોકપ્રિય અને સક્રિય ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલના તેમના મતદાર વિસ્તારના પાંચ કરોડના કામ ગુજરાત રાજયના સર્વપ્રિય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂર કર્યા છે. એ રીતે રીટાબેન પટેલની પોતાના મતદાર વિસ્તાર પ્રત્યેની સક્રિયતાનું એક વધુ સુફળ નગરને પ્રાપ્ત થયું છે.



૨૦૨૩-૨૪ના વર્ષ હેઠળ મંજૂર કરાયેલા આ કામોમાં (૧) પેથાપુર ગામથી રાંધેજા ગામ તરફ જતા નાળિયામાં ૧.૬૦ કિ.મી. રોડ (૨) સરઢવથી સોનાપુર રોડ, જનતા નગર વોટરવર્કથી સોનીપુર ગામ જવાના કાચા નાળિયામાં ૧.૨૦ કીમીનો રોડ (૩) મોટી આદરજ ગામે ટીંટોડા રોડથી રાવળ વાસથી મોતીજી ગોગજીના બોરથી રેલવે ફાટક સુધી કાચા નાળિયામાં એક કીમીનો રોડ (૪) મોટી આદરજ ગામે વડલી વાળા, પરવા રોડથી પ્રતાપજી વિરમજીના મોરવાના કાચા નાળિયામાં ૮૦ મીટરનો રોડ (૫) રૂપાલ ગામે ઢેડિયા તળાવથી ભૂતેળિયા તળાવથી આમજા તરફના કાચા નાળિયામાં ૨.૫૦ કીમીનો રોડ (૬) સોનીપુર ગામેથી રામાજી બોઘાજીના ઘરેથી કોલવડા રોડ સુધીના એક કીમીના રોડના કામો બનાવવા માટે આ મંજૂરી આપવામાં આવી છે. આ અંગેનો જોબ નંબર પણ આપી દેવામાં આવેલ છે. તેમજ આ અંગે આગળની પ્રક્રિયા હાથ ધરવા માટે સંબંધિત કાર્યપાલક ઈજનેરને સુચના પણ મુખ્યમંત્રીના કાર્યાલય કક્ષાએથી આપી દેવામાં આવી છે. ધારાસભ્ય રીટાબેન પટેલ પોતાના મતવિસ્તાર માટે અત્યંત જાગૃતિ દાખવીને લોકોના પ્રશ્નો ઉકેલવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. આને કારણે આમ જનસમૂહને સ્પર્શતા અને તેમને લાભ કરતા હોઈ પ્રશ્નોનો નિયમિત રીતે ઉકેલ આવે છે. તળ ગ્રામ વિસ્તારના લોકોની અનિવાર્ય જરૂરીયાત સમા આ રોડ મંજૂર થતા જેતે વિસ્તારના ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રવર્તી છે.

# સે.૧૧માં અદ્યતન કોર્ટ બિલ્ડિંગ બાંધવાનું કામ બે મહિનામાં શરૂ થશે

## સાત મજલા ના નવા બિલ્ડીંગ ની કાર્ય યોજના અન્વયે અગાઉ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું

ગાંધીનગર, તા. ૩

સેક્ટર ૧૧ ખાતે અદ્યતન કોર્ટ બિલ્ડીંગ બાંધવાનું કામ આગામી દિવસોમાં શરૂ કરી દેવાશે . મહાનુભાવોની ઉપસ્થિતિમાં અગાઉ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું આ મોડેલ કોર્ટમાં વાતાનુકૂલિત ૨૮ કોર્ટ રૂમ, રેકર્ડ માટે અલાયદો માળ અને બેઝમેન્ટ પાર્કીંગની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવશે સેક્ટર ૧૧માં તેના માટે ૪૧,૦૩૭ ચોરસ મીટર ની જગ્યામાં સુવિધાસભર બિલ્ડીંગ બાંધવામાં આવશે આ યોજના પાછળ અંદાજિત ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે જો કે લાંબા સમયના અંતે હવે નવા કોર્ટ બિલ્ડિંગનું કામ હાથ ધરાશે સૂત્રોના જણાવ્યા મુજબ આગામી બે મહિનામાં કાર્યયોજના હાથ પર લેવાશે

જિલ્લા ન્યાયાલય હાલની સ્થિતિએ સે ૧૧ માં કાર્યરત છે. અગાઉ જુના બિલ્ડિંગમાં જ નવા માળ ઉભા કરવાની યોજના સંદર્ભે પણ વિચારણા કરવામાં આવી હતી પરંતુ જગ્યા અપૂરતી હોવાથી સુવિધાઓ પણ નિવારી શકાય જેને ધ્યાનમાં રાખી વિશાળ જગ્યામાં નવું બિલ્ડીંગ બાંધવા નિર્ણય લેવાયો હતો હાલના કોર્ટ બિલ્ડિંગમાં પણ જરૂરી સુવિધાઓનો અભાવ છે જ્યારે આ મામલે અગાઉ વકીલો દ્વારા પણ રજૂઆતો કરવામાં આવી હતી આખરે નવા કોર્ટ બિલ્ડીંગ સંદર્ભે યોજના મંજૂર થતાં સે ૧૧ ના રામકથા મેદાનમાં મોડેલ કોર્ટ બાંધવાનું કામ હાથ ધરાશે અગાઉ આ અન્વયે ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું જ્યારે આ તબકકે મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા

કોર્ટની નવી ઈમારત ૮ માળની બાંધવામાં આવશે નવા બિલ્ડિંગમાં જરૂરી તમામ અદ્યતન સુવિધા ઉભી કરાશે. કોર્ટ બિલ્ડીંગમાં સોલર સિસ્ટમ , વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ પણ મુકવામાં આવશે. જ્યારે કોર્ટ સંકુલને સીસી ટીવી કેમેરા સર્વેલન્સથી સજ્જ કરવામાં આવશે આ ઉપરાંત બેઝમેન્ટમાં વાહન પાર્કિંગની

● અનુસંધાન પાન-૭ પર



ઝુંબેશ - ગાંધીનગરમાં વિવિધ સરકારી અને વાણિજ્ય સંકુલોની આસપાસ આડેધડ પાર્કીંગની સમસ્યા દિન-પ્રતિદિન વધતી જતી હતી... જેના કારણે ગાંધીનગરમાં ટ્રાફીકની સમસ્યા શિરદર્દ સમાની બની હતી... આ સમસ્યાને દૂર કરવા ગુરૂવારના રોજ ટ્રાફીક પોલીસ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેના ભાગરૂપે કોર્ટ સંકુલની આપસાપ આડેધડ પાર્ક કરાયેલા વાહનોને વ્યવસ્થિત પાર્કીંગ માટેની ચેતવણી આપવામાં આવી હતી... અને વાહનોના યોગ્ય પાર્કીંગની વ્યવસ્થા કરી ટ્રાફીક સમસ્યા હળવી કરવામાં આવી હતી.

# આગામી ઓક્ટોબરમાં ગુડા નવા ત્રણ બગીચાનું લોકાર્પણ કરશે

## સરગાસણ, કુડાસણ અને ચિલોડા માં બગીચામાં અવનવા આકર્ષણો સાથે હરિયાળી નિખારવા વિવિધ પ્રકારના રોપાની વાવણી કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની જેમ ગુડા વિસ્તારમાં પણ ગ્રીન કોન્સેપ્ટ નો અભિગમ અપનાવ્યો છે આ વિસ્તારમાં નાગરિકોના આનંદ પ્રમોદ અને પરિવાર સાથે હળવાશની પળો માણવા ગુડા દ્વારા જે અન્વયે ૧૩ ઉદ્યાનો બનાવવા નિર્ણય લેવાયો હતો જ્યારે હજુ નવા ત્રણ બગીચા તૈયાર કરવાનું કામ પ્રગતિ હેઠળ છે જ્યારે આ યોજના પાછળ ૫.૬૩ કરોડના ખર્ચ કરવામાં આવશે જેમાં કુડાસણ, સરગાસણ અને ચિલોડામાં નવા બગીચાઓ માટે અનામતના પ્લોટની જગ્યા આપવામાં આવી છે. આગામી બે મહિનામાં બગીચા તૈયાર થઈ જશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટાઉન પ્લાનિંગ વિસ્તારમાં ૧૩ બગીચા બનાવાનું આયોજન કરવામાં આવ્યું હતું . જો કે આ વિસ્તાર મહાનગર પાલિકાની હદમાં સમાવિષ્ટ કરી દેવાયા બાદ પણ આયોજનલક્ષી કામો ગુડા કક્ષાએ થી જ પુરા કરવામાં આવે તેવો નિર્ણય પણ અગાઉ કરવામાં આવ્યો હતો. આ યોજના અન્વયે કુડાસણ વિસ્તારમાં કેનાલ પાસે ૫,૩૫૪ ચોરસ મીટરના પ્લોટમાં રૂપિયા ૨.૭૭ કરોડના ખર્ચે, સરગાસણમાં ૧,૭૮૩ ચોરસ મીટરના પ્લોટમાં રૂપિયા ૭૬ લાખના ખર્ચે અને ચિલોડામાં

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ તરીકે રાજુલ ગજ્જરની નિમણૂંક

## વધુ એક મોટી યુનિવર્સિટીને મળ્યા મહિલા કુલપતિ : રાજુલ ગજ્જર હાલ એલડી એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપાલ તરીકે કાર્યતર છે રાજુલ ગજ્જર આ અગાઉ નવ મહિના સુધી કાર્યકારી તરીકે સેવા આપી ચૂક્યા છે

ગાંધીનગર, તા.૩

ગુજરાતની વધુ એક મોટી અને મહત્વની યુનિવર્સિટીમાં મહિલા કુલપતિની નિમણુંક કરવામાં આવી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ તરીકે રાજુલ ગજ્જરની નિમણૂંક કરવામાં આવી છે. રાજુલ ગજ્જર હાલ એલડી એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપાલ તરીકે કાર્યતર છે. રાજુલ ગજ્જર આ અગાઉ નવ મહિના સુધી કાર્યકારી તરીકે સેવા આપી ચૂક્યા છે. આ પહેલા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે નીરજા ગુપ્તાની નિયુક્તિ કરવામાં આવી હતી.

ડો. રાજુલ એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કર્યા બાદ એ જ કોલેજમાં લેક્ચરર તરીકે સેવા આપતા હતા. તો બીજી તરફ ગવર્નમેન્ટના આ સેક્ટરને લગતા પ્રોજેક્ટમાં પણ તેઓ મદદ કરતા હતા. જે બાદ તેઓ કમિશન ઓફ ટેક્નિકલ



એજ્યુકેશનમાં જોઈન્ટ ડાયરેક્ટર તરીકે જોડાયાં હતા. જેમાં સ્ટેટ લેવલની એન્જિનિયરિંગ કોલેજો સાથે કામ કરવાનું બનતું હતું. ડો. રાજુલ ગજ્જર એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગમાં પ્રિન્સિપાલ તરીકે કાર્યરત છે. છેલ્લા ૩૮ વર્ષથી તેઓ એન્જિનિયરિંગ વ્યવસાયમાં યોગદાન આપી રહ્યાં છે. ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિની શોધ આખરે પુરી થઈ. ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે જુન મહિનામાં ડો.નીરજા ગુપ્તાની નિયુક્તિ કરવામાં આવી હતી. નીરજા ગુપ્તા હાલ મધ્યપ્રદેશની સાંચી યુનિવર્સિટીના કુલપતિ તરીકે કાર્યરત હતા. નીરજા ગુપ્તા અગાઉ ગુજરાત યુનિવર્સિટીમાં સ્ટડી અબ્રોડના ડિરેક્ટર અને ભવન્સ કોલેજના આચાર્ય તરીકે સેવા આપી ચૂક્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૧માં નીરજા ગુપ્તાએ સાંચી બૌદ્ધ-ભારતીય નોલેજ સ્ટડીઝ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરનું પદ સંભાળ્યું હતું.

# વિવિધ સેક્ટરોમાં વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા

## સે. ૨૭માં ધારાસભ્ય રીટાબેન પટેલે વૃક્ષારોપણ કર્યુ : મેયર, ડે. મેયર અને સ્ટે. કમિટી ચેરમેન સહીત હોદ્દેદારોનું વૃક્ષારોપણ : સે.૧૩બીમાં વસાહત મહામંડળ જોડાયું



ગાંધીનગર, તા.૦૩

સે.૧૩બીમાં સિનિયર સીટીઝન પરિવાર દ્વારા આયોજિત તેમજ વોર્ડ નં-૫ માં સેકટર ૩૦ અને સેકટર ૨૧ ખાતે અને વોર્ડ નં-૩ માં સેકટર-૨૭ ખાતે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમોમાં ધારાસભ્ય રીટાબેન પટેલ અને મેયર હિતેશભાઈ મકવાણાએ સહભાગી બનીને છોડનું રોપણ કર્યુ હતું. આ તમામ અવસરે મેયરે જણાવ્યું હતું કે આવો, ગાંધીનગરને વધુ હરિયાળા બનાવીએ તેમજ આવનારી પેઢીને સ્વચ્છ અને સુંદર પર્યાવરણની વિરાસત ભેટ આપવા માટે વધુ વૃક્ષારોપણ કરીને તેનું જતન કરીએ. પ્રાકૃતિક સંપદાનું સંરક્ષણ કરવું એ આપણી સૌની નૈતિક જવાબદારી છે. આવો, આપણે સૌ વધુ વૃક્ષો વાવીને આ જવાબદારી નિભાવીએ.

આ કાર્યક્રમોમાં ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, શહેર મહામંત્રી કનુભાઈ દેસાઈ, કાઉન્સિલરો, હોદ્દેદારો, વોર્ડ પ્રમુખો, સંગઠનના હોદ્દેદારો તેમજ સામાજિક- રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સે.૧૩બીમાં પ્રમુખ અરુણભાઈ બુચની આગેવાનીમાં શહેર વસાહત મહામંડળ પણ વૃક્ષારોપણમાં જોડાયું હતું.

# કોલેજોમાં એડવાન્સ્ડ એકાઉન્ટીંગ અને ટેક્ષેશનનું શિક્ષણ અપાશે

## આઈસીએઆઈ અને ગુજરાત સરકાર વચ્ચે એમઓયુ : ગાંધીનગર-અમદાવાદની પાંચ કોલેજમાં કોર્સ શરૂ કરાશે

અમદાવાદ, તા.૩

ગુજરાત રાજયની ૪૦ જેટલી સરકારી કોમર્સ કોલેજો અને ૧૭૦ કોમર્સ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં અન્ડર ગ્રેજ્યુએટ્સ માટે સર્ટિફિકેટ ઈન એડવાન્સ્ડ એકાઉન્ટીંગ અને ટેક્ષેશનનાં વોકેશનલ કોર્સ માટે આઈસીએઆઈ દ્વારા તાલીમબધ્ધ ફેકલ્ટી સપોર્ટ પુરા પાડવામાં આવશે. શરૂઆતમાં ગુજરાત કોમર્સ કોલેજ, ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ ઈવનીંગ કોલેજ, આર. સી કોલેજ, કે.કે.શાસ્ત્રી કોમર્સ કોલેજ, અને ગર્વમેન્ટ કોમર્સ કોલેજ-ગાંધીનગરમાં આ કોર્સ આગામી દિવસોમાં શરૂ કરવામાં આવશે.

આ સંદર્ભે ગુજરાત સરકારનાં રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ અભિયાન(રૂસા)નાં સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર તેમજ ઉચ્ચ ટેકનીકલ શિક્ષણનાં પ્રિન્સિપાલ સેક્રેટરી મુકેશકુમાર, આઈએએસ અને ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણનાં ડાયરેક્ટર તેમજ નોલેજ કન્ઝોટિયમ ગૃપ (કેસીજી)નાં સીઈઓ પી.વી.પંડ્યા અને આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચનાં ચેરપર્સન સીએ (ડો). અંજલી ચોકસી અને સેક્રેટરી સીએ અભિનવ માલવિયા દ્વારા તા. ૨૭ જુલાઈ,૨૦૨૩ના રોજ એમઓયુ થયા છે.

આ અંગે માહિતી આપતા આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચનાં ચેરપર્સન સીએ (ડો). અંજલી ચોકસીએ જણાવ્યું હતું કે,આ કોર્સનો સમયગાળો ૧૨૦ કલાકનો છે. તેમાંબેઝિક અને એડવાન્સ્ડ ટોપિકસ ઉપરાંત ઈક્રમટેક્ષ, જીએસટી,ટેલિ, એમએસ ઓફિસ, પ્રોજેક્ટ રિપોર્ટ, સ્ટોક માર્કેટ, ઈન્ફર્મેશન ટેકનોલોજી અને અન્ય સ્કીલનો સમાવેશ થાય છે. આ કોર્સથી આજનાં સ્પર્ધાત્મક યુગમાં રોજગારીની તકો સુધરશે.

# સે.૪ના તળાવનું પુનઃ ખોદકામ શરૂ કરતાં પ્રકૃતિ પ્રેમીઓમાં ઉલ્લાસ



ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગરના સેક્ટર-૪ ખાતેના કુદરતી તળાવને કેટલાક તત્વો દ્વારા બાંધકામનો કાટમાળ નાખીને પૂરી દેવામાં આવ્યું હતું જે અંતર્ગત પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા તળાવને બચાવવા માટે લડત શરૂ કરાઈ હતી. આ લડતને સહકારાત્મક પ્રતિસાદ સાંપડતા ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહના આદેશથી ગાંધીનગર મહાનગરપાલિકાએ સે.૪ના તળાવને બચાવી લેવા પહેલા ફેન્સીંગ કર્યું હતું અને આજે પાટનગરના સ્થાપના દિવસના શુભ પ્રસંગે તળાવને પુનઃ ખોદવાનું શરૂ કરતાં શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસારવા પામી હતી.

આ સાથે પ્રકૃતિ રક્ષા અભિયાને તેમના અવાજને સકારાત્મક પ્રતિભાવ આપવા બદલ સાંસદ અમીતભાઈ શાહ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશભાઈ મકવાણા અને મ્યુનિસિપલ કમિશનર જે એન વાઘેલાનો આભાર માન્યો હતો.

# તેજ આઈ સેન્ટરની હાઈટેક આઈ નિદાન મોબાઈલ બસનું ઉદ્દ્ઘાટન




ગાંધીમંગર, તા. ૦૩

આજરોજ તેજ આઈ સેન્ટરની હાઈટેક આઈ નિદાન મોબાઈલ બસનું ઉદ્ઘાટન આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના વરદ હસ્તે તેમજ મેયર હિતેશભાઈ મકવાણાની વિશેષ ઉપસ્થિતમાં સેકટર-૬, ગાંધીનગર ખાતેથી કરવામાં આવ્યું.

આ અવસરે મેયરશ્રી હિતેશ મકવાણાએ જણાવ્યું હતું કે જનસેવામાં કાર્યરત આંખની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલની આ મોબાઈલ બસથી લોકોને ઘરઆંગણે આંખની તપાસ તેમજ વિવિધ પ્રકારની સારવાર મળી રહેશે. આ કાર્યક્રમમાં ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, કમિશનર જે.એન.વાઘેલા, ડે.કમિશનર કેયુરભાઈ જેઠવા, કાઉન્સિર્સ, ડોકટર્સ તેમજ હોસ્પિટલના સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com